માહિતી પ્રૌદ્યોગિકરણ યોજના

મહિલા અને બાળ વિકાસ વિભાગ મહેસૂલ સદરે સને ૨૦૨૦-૨૧ના વર્ષ માટે અંદાજપત્રમાં થયેલ જોગવાઈમાંથી ખર્ચ કરવાની વહીવટી મંજૂરી બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦૨૦૧૯-૮૦૪-ક

સચિવાલય, ગાંધીનગર.

તા. ૦૧/૦૪/૨૦૨૦

**ઠરાવઃ-**

વહીવટમાં કોમ્પ્યુટરાઈઝેશનની નીતિ અન્વયે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ વિભાગ માટે જરૂરી કોમ્પ્યુટર, હાર્ડવેર, સોફ્ટવેર, સ્ટેશનરી ખરીદવા અને મેઈન્ટેનન્સ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના અંદાજપત્રમાં રૂ.૧૫.૦૦ લાખ (અંકે રૂપિયા પંદર લાખ પુરા)ની જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈ અન્વયે ખર્ચ કરવા સારૂ નીચે મુજબની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઈને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના અંગે કોઈ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૪/૧૦/૨૦૧૭ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઈ-માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ પરથી કરવાની રહેશે. જો કોઈ આઈટમ પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તો ઉદ્યોગ ખાણ વિભાગના તા.૩/૦૬/૨૦૧૬ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ ગુજરાત રાજય ખરીદ નીતિ-૨૦૧૬ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૭) જો કોઈ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧.૦૦ લાખથી વધુ કિંમતની ખરીદી નાણા વિભાગના તા.૧૭/૩/૨૦૦૩ના ઠરાવની નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫.૦૦ લાખથી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉદ્યોગ અને ખા વિભાગના તા.૮/૦૭/૨૦૧૧ના ઠરાવથી સૂચવ્યા મુજબ ઈ-ટેન્ડરથી કરવાની રહેશે.

(૮) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ યોજનાના લાભ માટે કોઈ નવુ મહેકમ ઉભુ કરી શકાશે નહિ. આઉટસોર્સિંગ ભાડેથી વાહનો સા.વ.વિ.ના તા.૯/૮/૨૦૧૦ના ઠરાવ મુજબ વખતો વખતની સૂચનાઓને આધિન રહેશે.

(૧૦) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

(૧૧) આ અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી નીચેના બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી ક્રમાંક: ૧૦૫

મુખ્ય સદર:- ૨૨૫૧, સચિવાલય-સામાજિક સેવાઓ

પેટા મુખ્ય સદર:- ૦૦

ગૌણ સદર:- ૮૦૦

પેટા સદર:- ૦૧, WCD-12 માહિતી અને પ્રૌદ્યોગિકી વિભાગ-૨, ચાલુ બાબત, મહેસૂલ સદર

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી(મહિલા અને બાળ વિકાસ વિભાગ)ની તા.૨૦/૦૩/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી તથા સક્ષમ કક્ષાએથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (મબાક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (મબાક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્રરહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, બજેટ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, રોકડ શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ઈ(બજેટ)-શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તમામ અધિકારીશ્રીઓ / તમામ શાખાઓ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વિભાગની વેબ સાઇટ ઉપર મૂકવા સારૂ.)
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.
- સીલેકટ ફાઈલ.